R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-27 • ISSUE: 17 DATE: 28-04-18• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગાર
પાલડી,અમદાવાદ-૭

## વિશ્વમાં શાંતિ સ્થાપવાની સમજુતીની પહેલ રુપે ઉત્તર અને દક્ષિણ કોરીયાએ ઐતિહાસિક શાંતિ કરારો કર્યા

એકબીજાના કટ્ટર દુશ્મનો વચ્ચે શાંતિ કરાર થાય તે આશ્ચર્ય પમાડે તેવી વાત કહેવાય, પરંતુ તે શક્ય બની છે. ઉત્તર કોરીયા અને દક્ષિણ કોરીયા વચ્ચે ઐતિહાસીક સમજુતી રુપે શાંતિ કરારો કરવામાં આવ્યા.આ કરારો થવાથી વિશ્વમાં શાંતિમાં માનનારા લોકોને હાશકારો અનુભ્યો છે.બંને દેશોના વડાઓએ એક ઐતિહાસિક મંત્રણામાં સંપુર્ણ પરમાણું નિઃશસત્રીકરણ ની જાહેરાત કરી છે. તેમની વચ્ચે છેલ્લા ૬૮ વર્ષોથી ચાલતી આવતી દુશ્મનાવટનો અંત આવ્યો છે.ઉત્તર કોરિયાના વડા કિમ જોંગ ઉને શાંતિ મંત્રણા માટે દક્ષિણ કોરિયા ગયા હતા. અને પ્રમુખ મુન જો ઈનને મળ્યા હતા.નોર્થ કોરીયાના કોઈ પ્રમુખ દક્ષિણ કોરિયાની મુલાકાતે પહોચ્યા હોય તેમ ૬૫ વર્ષ પછી બન્યું છે.

બંને દુશ્મનો (હવે પુર્વ)એ પાંમુનજોમના ગામમાં એકબીજાનું અભિવાદન કર્યુ હતું. અને એ પછી તેમની વાટાઘાટો કરી હતી.અને આ યાદગાર પળના સાક્ષીરુપે તેમણે એક વૃક્ષ વાવ્યુ હતું.આ નાટ્યાત્મક મીટીંગ આગામી મહિને કીમ અને અમેરીકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની સુનીયોજીત વાટાઘાટો અગાઉની એક સીડી મનાય છે.કિમ અને મને શુક્રવારે એકબીજાને ભેટ્યા હતા.અને પછી તેમણે જાહેર કર્યુ હતું કે કોરીયન પેનિન્સુલા(દ્રીપ કલ્પ)માં હવે કોઈ યુધ્ધ નહીં થાય.બંને દેશોએ કહ્યુ કે તેઓ અમેરિકા સાથે વાટાઘાટો માટે આગળ વધશે. અને કદાચ તેમી ચીન સાથે જોડાશે.એ પાછળનો મુખ્ય હેતું ૧૯૫૦-૫૩નું ઘર્ષણ ખતમ કરવાનો છે. તેઓ તેમના પેનિન્સુલાને પરમાણુ શસ્ત્રોથી મુક્ત કરી દેવા પણ સંમત થયા છે. કિમે જણાવ્યુ હતું કે અમે ફરીથી એક થવાના છે કેમકે અમારો ઈતિહાસ એક છે.અમારી ભાષા,સંસ્કૃતિ અને લોહી પણ એક છે.અમે પાછળની ખરાબ પળોને ભુલી જવા માંગીએ છીએ. અને નવા ભવિષ્યની દિશામાં આગળ વધવા માંગીએ છીએ. કોઈ દર્દ નહિં, કોઈ લાભ નહીં.સારા ભવિષ્ય માટે એક પછી એક પગલાં સાથે આગળ વધીશું.એવું જાણવા મળે છે કે આ શાંતિ કરારો પાછળ જેમની ભુમિકાઓ રહેલી છે તેમોં કિમ જોગ ઉનની બહેને અગત્યનો ભાગ ભજવ્યો છે.વિશ્વ શાંતિ માટે તેમણે આપેલા યોગદાનને આપણે સેલ્યુટ આપીશું.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીનની મુલાકાતે : ચીનના પ્રમુખ સાથે અનોપચારિક શિખર મંત્રણા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે વુહાનમાં અનૌપચારિક શિખર મંત્રણા થઈ હતી.મોદી અને જિનપિંગ એકબીજાને ત્રણ વાર મળ્યા હતા.બેઉ દેશોના પ્રતિનિધિમંડળની પણ વાતચીત થઈ હતી.ચીનના પ્રમુખ જિનપિંગ દેશની રાજધાની બેઈજીંગ છોડીને બે વાર વુહાન પહોચ્યા હતા.આવું પહેલી વાર બન્યું હતું.મોદીએ કહ્યુ હતું કે શાંતિ,સ્થિરતા,સમૃધ્ધિ,લાવવામાં ભારત અને ચીન મહત્વની ભુમિકા ભજવશે. વિશ્વમાં શાંતિ અને સ્થિરતા માટે બંન્ને દેશો વચ્ચે સમાન વિચાર,સમાન અવસર,સંપર્ક ,સપના અને સંકલ્પ જરુરી છે.મોદીએ ચીનના પ્રમુખને ૨૦૧૯માં ભારતની મુલાકાતે આવવા માટે આમંત્રણ પણ આપ્યું હતું.વિશ્વની ૪૦ ટકા વસ્તીની સમસ્યા ઉકેલવા માટે સાથે મળીને આપણે કામ કરવું પડશે અને તેમ કરીશું તો તે એક મોટો અવસર હશે.

## આધારના મુદ્દે ખોટું બોલવા બદલ સરકારે તેમજ મોબાઈલ કંપનીઓએ દેશના નાગરિકોની માફી માંગવી જોઈએ !

આધાર લિન્ક કરવા બાબતે કેટલાક મુદાઓ એવા છે કે જેમાં લોલંમલોલ ચલાવાઈ. આધાર મુદ્દે સરકારનું જુઠ્ઠાણું પ્રકાશમાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી છે કે તેણે ક્યારેય આધાર અને મોબાઈલ ફોનના સિમ કાર્ડને લિન્ક કરવાનું ફરજીયાત કરવાનો આદેશ આપ્યો જ નથી.તો સવાલ એ છે કે દેશમાં આટલા મહિનાઓ સુધી આટલી મોટી ઝુંબેશ કેવી રીતે ચલાવાઈ ?શા માટે અત્યાર સુધી અને હજી પણ મોબાઈલ કંપનીઓ ગ્રાહકોને રીતસરની ધમકી ભર્યા મેસેજ કરી રહી છે કે તમારુ સીમ આધાર સાથે લિન્ક નહીં થાય તો ફોન બંધ થઈ જશે. સરકારના મંત્રીઓ પણ કહેતા રહ્યા હતા કે સુપ્રીમ કોર્ટનો આદેશ છે એટલે આધાર અને સીમને લીન્ક કરાવવા પડે.મોબાઈલ કંપનીઓ તો આ ઝુંબેશના ટેકામાં ડીપાર્ટ, ઓફ ટેલીકોમનો કોઈ સરક્યુલર પણ ટાંકતી હતી. હવે સવાલ એ થાય છે કે ડીપાર્ટ.ઓફ ટેલીકોમ દ્વારા આ પ્રકારનો સરક્યુલર પણ ક્યા આધારે જારી કરાયો ? સરકારે આધાર મુદ્દે આટલું બધું ખોટું બોલવાની કે સમગ્ર દેશની પ્રજાને ગેરમાર્ગે દોરવાની જરુર શું હતી ? ઘણી વખત સરકારો જાહેર હિતની ઘણી બાબતો છુપાવતી હોય છે કે પછી ગોળ ગોળ પણ વાત કરતી હોય છે.તો આધાર મામલે આ રીતે ખોટું બોલવાથી દેશનું કે જાહેર પ્રજાનું ક્યું હિત સચવાયું ? આધારને ફોન સહિત વિવિધ સેવાઓ સાથે જોડવાના મુદ્દે ગુંચવણ વધતી જાય છે. સરકાર તથા અન્ય એજન્સીઓ તરફથી વારંવાર અપાતી ચીમકીઓના કારણે મોટાભાગના લોકો તેમના વિવિધ દસ્તાવેજો કે કાર્ડને આધાર સાથે ઓલરેડી લિન્ક કરી ચુક્યા છે.વાસ્તવમાં આધાર જો લોકોની સગવડ માટે હોય તો સરકારે એ માટે પારદર્શી બનવાની જરુર હતી પ્રજાને નિખાસલતાથી અને એકદમ સ્પષ્ટ રીતે જાણ કરવાની જરુર હતી.તેને બદલે આ રીતે લોકોને ગુંચવાડામાં નાંખીને કે અંધારામાં રાખીને કામ કઢાવી લેવાનો બિનલોકશાહી અભિગમ શા માટે અપનાવવામાં આવ્યો. સુપ્રીમ કોર્ટમાં હાલ આધારની બંધારણીય માન્યતાના મુદ્દે સુનાવણી ચાલી રહી છે.તે અંગે જે ચુકાદો આવે તે પરંતુ અત્યાર સુધીમાં આ બાબતની કાર્યવાહીમાં સરકારે જે અભિગમ અપનાવ્યો છે તે બહુ ખેદજનક છે.દેખીતી રીતે જ સરકાર લોકોની લાગણી કે પ્રજાની અગવડ-સગવડનો વિચાર કર્યા વિના પોતાનો એજન્ડા પાર પાડવાની જીદ પર ચઢી છે.લોકશાહી મુલ્યોનું સન્માન કરતી હોય તો આધાર મુદ્દે સમગ્ર દેશને ગેરમાર્ગે દોરવા બદલ તેણે જાહેરમાં માંફી માંગવી જોઈએ.અને સુપ્રીમમાં ચુકાદો ના આવે ત્યાં સુધી આધારને બહાને કોઈપણ પ્રકારની કનડગત બંધ કરવી જોઈએ(સૌ.નગુસ)

## ભારતમાં ધાર્મિક સ્વાતંત્રતાનું સ્તર સતત ઘટતું જાય છે : અમેરિકન સંસ્થા

અમેરિકન સંસ્થા યુએસ કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજીયસ ફ્રીડમ(યુએસસીઆઈઆરએફ)એ ભારતમાં ધાર્મિક સ્વતંત્રતાના સતત ઘટતા સ્તર અંગે આકરી ટીકા કરી છે.અમેરિકાની આ સંસ્થાએ ધર્મની આઝાદીના મામલે ભારતને ૨-ટીઅર શ્રેણીમાં રાખ્યું છે.જેમાં અનેક અજીબ દેશો સામેલ છે.આ રિપોર્ટમાં જણાવાયું છે કે ભારતમાં જમણેરી રાષ્ટ્રવાદીઓએ ભગવાકરણ કરવાની કોશિશમાં હિંસા,બિનહિન્દુઓ અને દલિત હિન્દુઓ પર અત્યાચાર કર્યા છે.

આ રિપોર્ટમાં જણાવ્યાનુસાર વડાપ્રધાન મોદીએ ભીડ દ્વારા કરાયેલી હિંસાની ભલે ટીકા કરી હોય પણ તેમની પાર્ટીના સભ્યો ઉગ્ર હિંન્દુ સંગઠનો સાથે સંકળાયેલા છે.અને તેમાંથી અનેક લોકોએ ધાર્મિક લઘુમતીઓ વિરુધ્ધ અયોગ્ય ભાષાનો ઉપયોગ કર્યો છે.

યુએસસીઆઈઆરએફે કહ્યુ છે કે ઉત્તરપ્રદેશ,આંધ્રપ્રદેશ, બિહાર, છત્તીસગઢ,ગુજરાત,ઓડીશા,કર્ણાટક,મધ્યપ્રદેશ,મહારાષ્ટ્ર અને રાજસ્થાનની પરિસ્થિતિઓ ધર્મની આઝાદીના મામલે ઘણી જ બદતર છે.રિપોર્ટ અનુસાર આ જ ચિંતાને જોઈને ભારતને ટીઅર-૨ શ્રેણીમાં રાખવામાં આવ્યું છે.જેમાં ધાર્મિક હિંસા અને અસહિષ્ણુતા જેવી ઘટનાઓ બની છે.અમેરિકાના આ રિપોર્ટે ભારતને એ દેશોની શ્રેણીમાં રાખ્યું છે જ્યાં ધર્મની આઝાદી અંગે હિંસા થાય છે.ભારત સાથે ટીઅર-૨ની શ્રેણીમાં અફઘાનિસ્તાન,આઝરબેજાન,બહેરીન, ક્યુબા, ઈજીપ્ત,ઈન્ડોનેશીયા,ઈરાક, કઝાકિસ્તાન,લાઓસ,મલેશીયા અને તુર્કી જેવા દેશો સામેલ છે. જો કે આ રિપોર્ટે દેશની સુપ્રીમ કોર્ટ,લઘુમતી મંત્રાલય અને લઘુમતીઓ માટે રાષ્ટ્રીય પંચ દ્વારા લઘુમતિઓની રક્ષા કરવા માટે અને અસહિષ્ણુતાને પડકાર આપવા માટે પ્રશંસા પણ કરી છે.આ રિપોર્ટ અંગે હાલ ગૃહમંત્રાલયે કોઈ અધિકૃત નિવેદન આપ્યું નથી.આ રીપોર્ટ અનુસાર ભારતમાં ૨૦૧૭માં ધાર્મિક આઝાદીની સ્થિતિનું સ્તર નીચુ હોવાનું જણાવાયું છે. જે પ્રવાહ હજુ પણ ચાલુ છે. ભારતમાં ગૌહત્યા અને ધર્માંતરણ જેવા મુદ્દાઓનો ઉલ્લેખ કરાયો છે.

યુએસસીઆઈઆરએફએ આ રિપોર્ટમાં અમેરિકન સરકારને એવો અનુરોધ કર્યો છે કે તે ભારત પર દબાણ કરે કે યુએસસીઆઈઆરએફની ટીમને મુલાકાત માટે મંજુરી આપે. ઉલ્લેખનીય છે કે ભારત સરકાર આ સંસ્થાના રીપોર્ટને શરુઆતથી જ નકારતી આવી છે.

## વડાપ્રધાન મોદી કોઈપણ એજન્ડા વગર ચીન ગયા : રાહુલ ગાંધી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસની ચીનની મુલાકાતે ગયા છે ત્યારે કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી કર્ણાટકમાં ચુંટણી પ્રચાર કરી રહ્યા છે. તેમણે ચુંટણી પ્રચાર દરમિયાન આ મુદ્દો ઉઠાવ્યો હતો.રાહુલે ટ્વીટ કરતાં કહ્યુ હતું પીએમ કોઈ એજન્ડા વગર જ ચીન ગયા છે.તેમણે હકીકતમાં દોકલામ અને સીપીઈસી જેવા મુદ્દે ચીનના પ્રમુખ જિનપિંગ સાથે ચર્ચા કરવી જોઈએ.

રાહુલે ટ્વીટમાં પીએમ મોદીને સીધાજ સંબોધીને કેટલાક મુદ્દા યાદ દેવડાવ્યા હતા.પ્રિય વડાપ્રધાન, તમારી એજન્ડા વગરની ચીનની મુલાકાતની લાઈવ તસવીરો ટીવી પર જોઈૅ. તમે તણાવમાં હો તેવું દેખાતું હતું.તમને કેટલીક બાબતો યાદ દેવડાવા માંગુ છું. ત્યારબાદ રાહુલે ટ્વીટ કર્યુ હતું કે દેશ ઈચ્છે છે કે તમે દોકલામ અન ચીન-પાકિસ્તાન આર્થિક કોરીડોર નો ઉલ્લેખ કરો.દેશ ઈચ્છે છે કે તમે આ મુદ્દે વાતચી કરો.તમને અમારુ સમર્થન છે.

ઉલ્લેખનીય છે કે દોકલામમાં ભારતીય સેના અને ચીનની સેના વચ્ચે ખાસા સમય સુધી ગતિરોધ રહ્યો હતો.બીજી તરફ સીપીઈસી પ્રોજેક્ટ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાંથી પસાર થવાનો છે જેનો પણ ભારત સતત વિરોધ કરી રહ્યું છે. આવા સંજોગોમાં રાહુલે બે મુદ્દા પીએમ મોદીને યાદ અપાવ્યા હતા.કોગ્રેસ પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ મોદીને ચીન સામે લાલ આંખ કરવાનું જે વચન આપ્યુ હતું તેની યાદ અપાવી હતી.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

ન્યાયતંત્રમાં સબ સલામત નથી એવી બાંગો પોકારાઈ રહી છે. સુપ્રીમ કોર્ટના સીનીયર જજ્જો જે રીતે પોતાનો આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે તે જોતા એવું લાગે છે કે ન્યાયતંત્ર ઉપર સરકારની સપ્રાઈનો કોરડો વીઝાઈ રહ્યો છે.માત્ર યસ મેન અને ચમચાઓની જમાત ઈચ્છતી સરકાર એવા ન્યાયમુર્તિઓ માટે અપેક્ષા રાખી રહી છે કે તેમની વિરુધ્ધ કોઈપણ પ્રકારનો ચુકાદો આપે જ નહીં.અને સરકાર ધારે તેને ન્યાયતંત્રના સપાટામાં સાફ કરી મુકે તેવી જોગવાઈઓ કરવામાં મશગુલ છે તેવો ભાર થઈ રહ્યો છે ત્યાં જોધપુરની ખાસ કોર્ટે આસારામને એક કિશોરી પરના બળાત્કારના કેસમાં આજીવન કારાવાસની સખ્ત સજા ઠોકી બેસાડીને ન્યાયતંત્ર પરનો ભરોસો મજબુત બનાવ્યો છે.કરોડોની લાંચ આપી પોતાની ઉપરનો મજબુત ગાળીયો હટાવવાનો પ્રયત્ન કરનાર,સાક્ષીઓને ધમકાવીને ફેરવી નાંખનાર અને સાક્ષીઓની કત્લ કરી નાંખનારને,કોર્ટે આકરી સજા ફટકારી તે ન્યાયતંત્રની મજબુતાઈ બતાવે છે.

ફેક એન્કાઉન્ટરમાં છોડી મુકાયા બાદ,જજની હત્યાની આશંકા,કેટલાક નેતાઓ સામે મજબુત કેસો હોવા છતાં નિર્દોષ છોડી મુકાતાં ન્યાયતંત્રની ગરીમાને ઠેશ જરુર પહોચી છે. પરંતુ આશારામના કેસમાં દેશના ૨૧ નામી વકીલોની ફોજ કોર્ટમાં નિર્દોષ સાબિત કરવામાં નિષ્ફળ નીવડી. ન્યાયતંત્રની આંટીઘુટીમાં સમજ નથી પડતી એવું સામાન્ય સમજમાં દેખાય છે.જેટલા આધ્યાત્મિક ગુરુઓ જેલમાં ગયા તેમની સ્ટોરીમાં તો મસલ્સ પાવર હતો,મની પાવર હતો ,માઈન્ડ પાવર પણ હતો(વકીલોની ફોજ) પરંતુ સત્તા સામે તેમનું શાણપણ ચાલ્યુ નહિ તેવું દેખાઈ રહ્યુ છે.આશારામની આટલી સંપત્તિ,આટલી રાજકીય તાકાત, અનુયાયીઓનું સંખ્યાબળ જોતાં ક્યાં કઈ ખોટ તેમને નડી છે તે સંશોધનનો વિષય જરુર છે.

મત મેળવવાની લ્હાયમાં નેતાઓ કેવા કેવા લોકોનો સહારો લે છે,પ્રોત્સાહન મેળવે છે તે તેમને જોવું જરુરી છે. આશારામની સાથે દેશના ટોચના નેતાઓ મંચ પર જોવા મળ્યા છે.તેમના ચરણ છુતા ફોટાઓ જનતાએ જોયા છે અને હવે તેમને જેલવાસમાં તેમના ફોટાઓ જોઈ રહ્યા છે.લોકોએ ધાર્મિક અંધશ્રધ્ધાથી ઠગોને પ્રાધાન્ય આપવું ના જોઈએ ,સમાજ માટે આ એક પડકાર છે.વિજ્ઞાન અને ટેકનોલોજો ના યુગમાં લોકો ધુતારાઓ પાછળ ગાંડાઘેલા કાઢે તે વ્યાજબી નથી પરંતુ આ દેશમાં આવું ચાલે છે તેમાં નવાઈ નથી.

## મંતવ્ય

એક બાજુ બળાત્કારનો કેસ ચાલી જતાં આશારામને આજીવન કારાવાસની સજા આપવામાં આવી. બીજી બાજુ સરકારે ૧૨વર્ષથી નીચેની વયની છોકરીઓ પર બળાત્કાર કરનારને ફાંસીની સજા કરવાનો કાયદાની જાહેરાત કરી દીધી.પરંતુ આ કાયદાની જાહેરાત થયા બાદ પણ કેટલા બળાત્કારની ઘટનાઓ સમાચાર પત્રોમાં જાહેર થઈ.એનો અર્થ એવો થયો કે લોકોના માનસ કેટલા વિકૃત થઈ ચુક્યા છે કે તેમને ફાંસીની સજાનો ડર લાગતો નથી.ધર્મગુરુઓની પાપલીલાની જાહેરાત થઈ અને તેમાં કેટલાક જેલ ભેગા થયા પરંતુ દેશમાં પાખંડીઓની ફોજ છે.આ દેશની અંધશ્રધ્ધાળુ પ્રજા તેમનો ભોગ બનતી રહે છે. ધર્મના નામે ધતીંગો ચલાવનારાઓની દેશમાં કમી નથી.

દેશના કેટલાક રાજ્યોમાં મહિલાઓ સુરક્ષિત નથી. તેમનું ઘરની બહાર જવું આવવું સલામત નથી.મહિલાઓનો આદર કરવાની સુફિયાણી વાતો કરતો પાખંડી સમાજને સુધારશે કોણ ? શિક્ષણ નામે વેપલો ચલાવતા શિક્ષણશાસ્ત્રીઓ કે પછી ભ્રષ્ટાચારી રાજનેતાઓ ?આપણે કોની પાસે અપેક્ષા રાખીશું.એક શેરમાં કહ્યુ છે કે બરબાદ ગુલિસ્તા કરનેકો એક હી ઉલ્લુ કાફી હે યહાં તો ડાલ ડાલ પે ઉલ્લુ બેઠા હે,અંજામે ગુલીસ્તા ક્યા હોગા.

આશારામ માટે હજુ પણ આગળની કોર્ટો બાકી છે જ્યાં તે પોતે ફરીથી કાયદાને પડકારી શકશે.

અનિલભાઈ પંચાસરા


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# વેચનાર અને ખરીદનારે હવે સબરજીસ્ટારની ઓફિસમાં હાજર નહીં રહેવું પડે, ઓનલાઇન સિસ્ટમથી રજીસ્ટ્રેશન થશે

રાજ્યમાં કબજા સાથેના પાવર ઓફ એટર્નીની નોંધણી ફરજીયાત છે.પણ કબજા વગરના પાવર ઓફ એટર્નીની નોધણી ફરજીયાત નથી. જેના કારણે આવા પાવર ઓફ એટર્ની દ્વારા ઘણી વખત મોટી છેતરપીંડી થાય છે.ઘણી વાર આવા પાવર ઓફ એટર્ની જ્યારે વેચાણખતની નોંધણી માટે ઉપયોગમાં લેવાય ત્યારે પાવર ઓફ એટર્ની કરી આપનાર વ્યક્તિ ફરી જતી હોય છે.તેથી કબજા સિવાયના પાવર ઓફ એટર્નીની નોંધણી હવે ફરજીયાત બનાવાઈ છે.

આ સંદર્ભનું રજીસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૧૮ વિધાનસભામાં રાજ્ય સરકારે બહુમતીથી પસાર કર્યું હતું. જુના એક્ટની કલમ ૧૭(૨)(૧૨)માં જાહેર હરાજીથી કોઈ મિલ્કત ખરીદનારને નોંધણીમાંથી મુક્તિ અપાઈ છે. નવા સુધારા વિધેયકમાંથી આ કલમ કમી કરાઈ છે.કેન્દ્રીય અધિનિયમમાં અત્યારે મિલ્કતના માલિકી હકની તપાસ માટે કોઈ જોગવાઈ નથી.નવા સુધારા રોકવા માટે જરુરી તપાસની જોગવાઈ દાખલ કરાઈ છે.રસપ્રદ એ છે કે કેન્દ્રીય અધિનિયમની કલમ ૩૨,૩૪ અને ૩૫ની જોગાવાઈઓ પ્રમાણે વેચનાર અને ખરીદનારાઓએ અત્યાર સુધી દસ્તાવેજની નોંધણીની પ્રક્રિયા માટે સબરજીસ્ટાર સમક્ષ ઉપસ્થિત થવું પડતું હતું.હવે સમગ્ર પ્રકીયાનું ઈલેક્ટ્રોનિક સિસ્ટમ દ્વારા રજીસ્ટ્રેશન થવાનું છે. એટલે નિયમનની સત્તા ઈન્સ્પેકટર જનરલ ઓફ રજીર્ટ્રેશનને અપાઈ છે.રાજ્ય મહેસુલ મંત્રી કૌશિક પટેલે આ વિધેયક પસાર કરતી વેળાએ જણાવ્યુ હતું કે નવા ફેરફાર પ્રમાણે હવે ઓનલાઈન સિસ્ટમથી ઘેર બેઠા દસ્તાવેજો સબમિટ કરી શકાશે.પણ ઈલેક્ટ્રોનિક સિસ્ટમમાં ખરાઈ થશે જ. જે અંગેનો પાઈલટ પ્રોજેકટ ગાધીનગરમાં અત્યારે ચાલી રહ્યો છે.સબરજીસ્ટારની કચેરીઓ સગવડો વિનાની અને નાની જગ્યામાં ચાલતી હોવાની ફરિયાદોના સંદર્ભે મહેસુલ મંત્રીએ એવું પણ કહ્યુ હતું કે રુ.૭ કરોડના ખર્ચે રાજ્યની ૨૨ પૈકી ૧૯ સબરજીસ્ટારની કચેરીઓ અધ્યતન બનાવવામાં આવશે.

# બે કોરીયા વચ્ચે સાત દાયકાથી ચાલતા સંઘર્ષનો અંત : ઐતિહાસિક શાંતિ સંધીની જાહેરાત

ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિંમ જોંગ ઉન ક્યારે શું કરશે તેનો વિશ્વમાં કોઈને ભરોશો નહોતો.અમેરિકા અને તેમના પાડોશી દક્ષિણ કોરીયાના દુશ્મન મનાતા સરમુખ્યતારના માનસમાં જે પલ્ટો આવ્યો તેને દાદ દેવી પડે. જેમના થકી આ માનસ પલટાયું તેમને પણ દાદ દેવી પડે.ઉત્તર કોરીયા અને દક્ષિણ કોરીયા વચ્ચે ટેકનીકલી સાત દાયકાથી અવિરત ચાલતુ યુધ્ધ હવે ખતમ થઈ ગયું.બંને દેશોએ ઐતિહાસિક શાંતિ સંધીની જાહેરાત કરી.બેઉ કોરીયાના વડાઓ શાંતિ સંમજુતીની સાથે એકબીજાને ભેટ્યા.આ દૃશ્ય જોઈને બેઉ દેશોની સરહદ એકઠા થયેલા હજારોની માનવમેદનીની આંખો આસુંથી ભીની અવશ્ય બની.કારણકે બેઉ દેશોના નાગરિકોના અંગત સ્વજનો સરહદોના કારણે અળગા થઈ ગયા હતા તેઓ માટે આ શાંતિ કરાર આશાનુ કિરણ લઈ આવી.સરમુખત્યારશાહી શાસન હેઠળના ઉત્તર કોરીયાની પ્રજાએ પારાવાર ગરીબી અને અત્યાચાર વેઠ્યા છે.બીજી તરફ અમેરિકા સહિતના પશ્ચિમી દેશોની સાથે રહીને દક્ષિણ કોરીયાએ ગજબનો વિકાસ સાધ્યો છે.

દક્ષિણ કોરિયાની લશ્કરી સંરક્ષણની જવાબદારી અમેરિકાએ ઉઠાવી હતી.જો કે બંને દેશોના લોકો વચ્ચે પારાવાર નફરત અને દુશ્મનીના પ્રવાહો વચ્ચે પણ આંતરિક રીતે એકમેક માટેનો ઝુરાપો તો ચાલુ જ હતો.સરહદની બંને તરફના કોરિયનો સરહદ પાસે એકઠા થતા હતા અને તેમના સ્વજનોને જોવાની કે મળવાની આશા તપાસતા હતા.બંને દેશો વચ્ચેની આ સંધિ કેટલી કાયમી રહેશે તે તો સમય જ કહેશે. બને દેશો વચ્ચે મુક્ત અવરજવર અને વ્યાપાર પ્રસ્થાપિત થશે કે કેમ તેની ભવિષ્યમં જાણ થશે.

શાતિ કરારોમાં મહત્વની બાબતો જે સ્વીકારવામાં આવી છે તે અણુ શસ્ત્રોનો ત્યાગ કરીને સમગ્ર વિસ્તારને શાંત વિસ્તાર તરીકે પ્રસ્થાપિત કરવો.શસ્ત્રોનો ત્યાગ કરીને શાંતિ ઉભી કરવાના પ્રયત્યો પાછળ જે રીતે સરમુખત્યાર એગ્રી થયા છે તે ખુબજ પ્રશંસનીય છે.કારણકે વારંવાર તેમણે અમેરિકાને અણુશસ્ત્રોથી નુકશાન પહોચાડવાની ધમકીઓ આપી છે. ખેર શાંતિ સુલેહની બાબતમાં આ બધી બાબતો સ્વીકારવામાં આવી છે તે અગત્યનું છે. જો કે એક મહિના બાદ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ સાથે ઉત્તર કોરિયાના કિમ જોંગ ઉન ચર્ચા કરવાના છે.જેમાં દક્ષિણ કોરીયા અને ચીન પણ મધસ્થી કરવાના છે ત્યારે શાંતિ યોગ્ય રીતે સ્થપાય અને સહુનો ઉત્કર્ષ થાય તે જોવું જરુરી છે.

ઉત્તર કોરીયા તેના અણુ શસ્ત્રો ત્યાગે તો તેની સામે દક્ષિણ કોરીયા તેના સમુદ્ર કાંઠેથી અમેરીકા સેનાને વિદાય આપે કે કેમ તે પણ જોવાનું રહેશે.પરંતુ દુનિયાએ એ રીતે રાહતનો દમ લેવાનો કે છાસવારે હાઈડ્રોજન બોંબના ઘડાકા કરતાં કે મિસાઈલો છોડતા રહેતા આ સરમુખત્યારે શાંતિ સંધીનો સ્વીકાર કર્યો છે તે અગત્યનું છે.

સરમુખ્યતાર કિમ જોંગ ઉન ના સ્વભાવમાં ઉગ્રતા હતી અને તે તેમના વિરોધીઓને જડબાતોડ જવાબ આપવા કે ખતમ કરી નાખવાનો મિજાજ ધરાવતા હતા ત્યારે આમ પરિવર્તન આવવાનું કોઈ સબળ કારણ હોવું જોઈએ.કહેવામાં આવ્યુ છે કે સમગ્ર શાંત કરાર અને બેઉ દેશોને એક કરવાની વાત સરમુખત્યારના ગળે ઉતારવાની વાત કરવાની હિંમત તેમના નજીકના જ વ્યક્તિઓ કરી શકે છે.અને આ કાર્ય કરવામાં તેમની બહેન અને પત્નીની ભુમિકા અગ્રેસર રહી છે.

સાત દાયકા સુધી અવિરત સંઘર્ષ કરનાર દુશ્મન અને સરમુખત્યારનો વિશ્વાસ કરનાર દક્ષિણ કોરીયાની નેતાગીરીને પણ અભિનંદન આપવા ઘટે કે તેમણે આ કાર્યને સફળ બનાવ્યું અને વિશ્વને શાંતિનો અદભુત અહેસાસ કરાવ્યો.


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઑડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



# તામીલનાડુંના રાજયપાલે મહિલા પત્રકારના ગાલ પર હાથ ફેરવતાં વિવાદ ઉભો થયો

ચેન્નાઈમાં એક પ્રેસ કોન્ફરન્સમાં તામિલનાડુના રાજયપાલ બનવારીલાલ પુરોહિતને એક મહિલા પત્રકારે સવાલ કર્યો હતો ,જેના જવાબમાં રાજયપાલે તેના ગાલ પર હાથ ફેરવતાં વિવાદ થયો હતો.બાદમાં પુરોહિતે માંફી માંગી લીધી હતી.તામિલનાડુંની એક કોલેજના લેકચરરે વિદ્યાર્થીનીઓને સારા માર્કસથી પાસ કરવા માટે જાતીય સબંધ બાંધવાનું કહ્યુ હતું અને આ અંગેની લેકચરરની ઓડીયો ક્લિપ વાયરલ થઇ હતી. આ અંગે રાજયપાલ પર સવાલોનો મારો થયો હતો. પત્રકાર પરિષદ પુરી કરીને રાજયપાલ બહાર જઇ રહ્યા હતા.ત્યારે લક્ષ્મી સુબ્રમણયમ નામની એક મહિલા પત્રકારે સવાલો કર્યા હતા. રાજયપાલે તેનો જવાબ આપવાને બદલે પત્રકારના ગાલ પર હાથ ફેરવી દીધા હતા.અચાનક જ બનેલી આ ઘટનાથી મહિલા પત્રકાર ડઘાઇ ગઇ હતી. અને ટ્વીટર થકી પોતાની વ્યથા ઠાલવી હતી.

પત્રકારે લખ્યું કે મે રાજયપાલ પુરોહિતને સવાલ કર્યો હતો .તેમણે જવાબ આપવાને બદલે મારી સંમતિ વગર મારા ગાલ પર હાથ ફેરવી દીધો હતો. હુ અનેક વખત મારો ચહેરો ધોઇ ચુકી છું. પરંતુ આ ઘટનાના આઘાતમાંથી બહાર આવી શકતી નથી. આ અત્યંત ભડકાઉ અને ગુસ્સા જન્માવે તેવો મામલો હતો.શ્રીમાન રાજયપાલ બનવારીલાલ પુરોહિત એવું બની શકે કે તમે સ્નેહ દર્શાવવા માટે આવુ કર્યુ હોય, પરંતુ તે મને ખોટું લાગ્યું છે.જો કે વિવાદ થતાં રાજયપાલે મહિલા પત્રકારની માંફી માંગી લીધી હતી.પરંતુ વિરોધ પક્ષ ડીએમકેએ આ મામલે વિરોધ પ્રદર્શન શરુ કરી દીધા છે.

# જયશાહ દ્વારા પોર્ટલ પર કરાયેલ બદનક્ષી કેસમાં સુપ્રીમ કોર્ટે કેસમાં શાંતિપુર્ણ સમાધાન કરી લેવાની સલાહ આપી

સુપ્રીમ કોર્ટે ભાજપના પ્રમુખ અમિત શાહના પુત્ર જય શાહ દ્વારા ધ વાયર પોર્ટલ તથા તેના પત્રકારો પર બદનક્ષીના કેસમાં શાંતિપુર્ણ સમાધાન કરવાની સલાહ આપી હતી.જય શાહે પોર્ટલ અને તેના પત્રકારો પર બદનક્ષીનો કેસ કર્યો હતો.પોર્ટલમાં એવો દાવો કરાયો હતો કે જય શાહની કંપનીનું ટર્નઓવર ભાજપના શાસનમાં અસાધારણ વધી ગયું હતું.

ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ એ.એમ.ખાનવિલકર અને જસ્ટીસ ડી.વાય. ચંદ્રચુડની બેન્ચે કહ્યુ હતું કે ફાઇલ ઓપન કર્યા વગર જ અને બંન્ને પક્ષોના વકીલોને કહેવા માંગીએ છીએ કે સાથે બેસીને ઉકેલ લાવવાનો પ્રયાસ કરો.બેન્ચે આ સાથે ગુજરાત ટ્રાયલ કોર્ટના વચગાળાના આદેશને પણ લંબાવ્યો હતો.જેમાં કોર્ટે આ કેસમાં રોહિણીસિંહ સહિતના પત્રકારો સામે કાર્યવાહી ન કરવા કહ્યુ હતું.કોર્ટે અંતિમ નિકાલ સુધી વચગાળાનો આદેશ લાગુ રહેશે તેમ કહ્યુ હતું.

# પગારદાર કરદાતાઓને ખોટું આઇટી રિર્ટન ભરવા સામે ચેતવણી

પોતાનુ ઈન્કમટેક્ષ રીર્ટન ભરવામાં કોઇ કસુર કરવામાં આવશે તો તેની સામે સખ્ત પગલાં ભરવાની ઈન્કમટેક્ષ વિભાગે ચેતવણી આપી છે.જો તમે ટેક્સ બચાવવા માટે ખોટું ઈન્કમ ટેક્ષ રીર્ટન ફાઇલ કરવાનું વિચારી રહ્યા હો તો ચેતી જવું પડશે.આવકવેરા વિભાગે પગારદાર વર્ગને ખોટું આઇટીઆર ફાઇલ કરવા સામે ચેતવણી આપી છે.તેમણે કહ્યું હતું કે આવા લોકો સામે પગલાં ભરવામાં આવશે.

આઇટી વિભાગે આવા કરદાતાઓને પોતાના રિટર્નમાં ઈન્કમ ઓછી બતાવવા અથવા ટીડીએસની વિગત ખોટી બતાવવા જેવી યુક્તિઓ અપનાવવા સામે પણ ચેતવણી આપી છે.આવા લોકો સામે કાયદેસર પગલાં ભરવામાં આવશે. ખોટા ફાયદા માટે ફ્રોડ ટેક્સ સલાહકારોના ચક્કરમાં ના પડવા માટે આઇટીના સીપીસીએ કરદાતાઓ માટે ખાસ એડવાઇઝરી પ્રસિધ્ધ કરી છે.

આઇટી વિભાગે એક એવી ગેંગનો પર્દાફાશ કર્યો હતો કે જે કર્મચારીઓને બનાવટી ઉપાયોથી ટેક્સ રિફંડ હાંસલ કરવામાં મદદ કરતો હતો. સીબીઆઇએ તાજેતરમાં આ કેસમાં ગુનો નોધ્યો છે.પગારદાર વર્ગ માટે ટેક્સ રિર્ટન ફાઇલ કરવાની સીઝનની શરુઆત થઇ છે.સીબીડીટીએ પગારદાર કરદાતાઓ માટે નવું આઇટીઆર ફોર્મ તાજેતરમાં જારી કર્યું છે.રીટર્ન સરળ બનાવવા જરુરી છે જેથી કોઇપણ વ્યક્તિ ભુલ વગર ભરી શકે.


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


# એસબીઆઇ રિસર્ચે સરકાર અને રિઝર્વ બેન્કનો નોટોની અછત નથી તે દાવો પોકળ ગણાવ્યો

દેશમાં ચલણી નોટોની કોઇ અછત નથી તેવા સરકાર અને રિઝર્વ બેન્કના દાવાનો છેદ ઉડી જાય તેવો દાવો એસબીઆઇ રિસર્ચે કર્યો છે.તેનું કહેવું છે કે સિસ્ટમમાં રુ.સીત્તેર હજાર કરોડ જેટલી રોકડની તંગી છે.અને તે એટીએમમાંથી દર મહિને ઉપાડાતી રોકડના ત્રીજા ભાગ જેટલી છે. તેના કહેવા મુજબ સિસ્ટમમાં વધુ સીત્તેર હજાર કરોડ આવતાં અને સ્થિર થતાં બેથી છ સપ્તાહનો સમય લાગશે.આમ હજુ લોકોને સરળતાથી રોકડ મેળવવા રાહ જોવી પડશે.

ચલણી નોટોની અછતના અહેવાલો રાષ્ટ્રીય છાપાઓમાં મથાળામાં ચમક્યા તેના બીજા દિવસે જ એસબીઆઇ રીસર્ચે એક નોંધમાં ચલણી નોટોની અછત માટે અનેક કારણો બતાવ્યા છે જેમાં નજીવો આર્થિક વૃધ્દિદર, લોકો પાસે ચલણની અછત અને ડીજીટલ વ્યવહારોમાં વધારા જેવા કારણો અપાયા છે.નોંધ મુજબ ૯.૮ ટકાના જીડીપી ગ્રોથ અંદાજ મુજબ માર્ચ ૨૦૧૮ સુધીમાં રુ.૧૯.૪ લાખ કરોડની રકમ લોકો પાસે રહેવી જોઇતી હતી.પરંતુ તેની સામે વાસ્તવિક ઉપલબ્ધતા રુ.૧૭.૫લાખ કરોડ જેટલી હતી.આમ નાણાં સિસ્ટમમાં રુ.૧.૯ લાખ કરોડનો ગેપ એ અછત નથી.

બીજી બાજુ ડીજીટલ ટ્રાન્ઝેકશનનું પ્રમાણ માત્ર રુ.૧.૨ લાખ કરોડ જેટલું છે. જે નવેમ્બર ૨૦૧૬ની નોટબંધીને પગલે પછીના મહિનાઓ કરતાં ઘણુ ઓછું છે.આમ આને કારણે દેખીતી અછત રુ.૭૦ હજાર કરોડની આસપાસ હોઇ શકે છે તેમ નોંધમાં ઉમેરાયું છે.

ચલણની અછત અંગેના અહેવાલોના પ્રતિસાદમાં એસબીઆઇ રિસર્ચની નોંધમાં ઉમેરાયું છે કે ચલણમાં ફરતી ચલણી નોટોનો આંકડો નોટબંધી પહેલાની રુ.૧૭.૮૪ ટ્રિલીયનની સપાટી પાર કરી ગઇ છે.આમ આ અહેવાલો રસપ્રદ અને તર્કથી વિપરિત છે.નોધમાં ખુલાસો કરાયો છે કે ૨૦૦ની ચલણી નોટોની પ્રિન્ટીંગ અને તેને દાખલ કરવામાં ઝડપ પણ રોકડની અછત માટેનું કારણ હોઇ શકે છે.કેમકે તેના કારણે લાંબા વખતથી મોટી ચલણની નોટોને બદલે નાની ચલણી નોટોની માંગ વધી હોઇ શકે.

રોકડની અછતને કારણે નોટબંધી બાદ લોકોને સરકારમાં અવિશ્વાસ દેખાઇ રહ્યો છે.ધીમે ધીમે લોકોમાં એક ગ્રંથિ બંધાઇ રહી છે કે આ સરકાર લોકોને અને અર્થતંત્રને નુકશાન પહોચાડી રહી છે.કર્ણાટકમાં ચુંટણીને કારણે રોકડની રેલમછેલ ચાલી રહી છે.શું આ ચલણીનોટો કર્ણાટકમાં પહોચી ગઇ છે ?

# સુપ્રીમ કોર્ટને સરકારી અધિકારીઓ મુર્ખ બનાવી રહ્યા હોવાનો અહેસાસ થયો

સુપ્રીમ કોર્ટે એક ચુકાદા વખતે કહ્યુ હતું કે સરકારના અધિકારીઓ અમને મુર્ખ બનાવી રહ્યા છે.સુપ્રીમ કોર્ટે આટલી હતાશા એટલા માટે થઇ કારણકે તેના ધ્યાનમાં આવ્યું કે પર્યાવરણની સુરક્ષા અને લોકોના લાભ માટે ફાળવાયેલું એક લાખ કરોડ રુપીયાનું ફંડ અન્યત્ર ઉપયોગમાં ફાળવી દેવાયું હતું. પર્યાવરણવિદ એમ.સી.મહેતાએ ૧૯૮૫માં પીઆઇએલ કરી હતી જેના પર સુપ્રીમ કોર્ટે સુનાવણી કરી હતી. સરકારની આકરી ટીકા કરતાં સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે તેણે સરકાર પર વિશ્વાસ મુકયો હતો.પરંતુ અધિકારીઓ કામ જ કરતાં નથી.કોર્ટે જયારે કંઇ કહે તો તેને ન્યાયતંત્રની વધુ પડતી સક્રિયતા કહેવામાં આવે છે.સુપ્રીમ કોર્ટના આદેશથી પર્યાવરણ સુરક્ષા માટે રચાયેલા વિવિધ ફંડ હેઠળ એકત્ર કરાયેલી આ જંગી રકમ અન્ય હેતુ માટે અને લોકોના લાભ માટે વાપરવાની હતી.કોર્ટે કહ્યુ કે હવે અમારે તેમને પકડવા પડશે.અમે કોઇ નાની સુની રકમની વાત નથી કરી રહ્યા.આ ખુબજ હતાશાજનક છે.

સુપ્રીમ કોર્ટને બહુ સમય બાદ આ વાતની જાણ થઇ પરંતુ અધિકારીઓ આઝાદી પછી દેશની જનતાને મુર્ખ બનાવી રહ્યા છે.તેમને માટે બનાવાયેલી યોજનાઓ કયારે યોગ્ય રીતે લોકો સુધી પહોચતી જ નથી.

સુપ્રીમ કોર્ટે સરકારી અધિકારીઓની કરેલ ટીકા વ્યાજબી છે પરંતુ કોર્ટના ચુકાદો અમલ થતો નથી તેનુ ધ્યાન પણ કોર્ટે રાખવું જરુરી


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર **બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# હાસ્યમાં પણ સુગંધ હોવી જોઇએ

હાસ્ય વિશે વાત કરતાં પહેલા જોઇએ તો સાહિત્યમાં નવ રસ છેઃ કરુણ,રોદ્ર,શાંત, ભયાનક,વીર, શૃંગાર,અદ્દભુત,હાસ્ય અને બિભત્સ. હાસ્ય આ નવ રસમાંનો એક છે. હાસ્યની જે પુષ્ટિ કરે છે તેને હાસ્યરસ કહેવાય છે.એના પણ ત્રણ ભેદ છે : મંદ,મધ્યમ અને અતિ. કિશોરલાલ મશરુવાલાએ કહ્યું છે : સામાન્ય રીતે કટાક્ષ,મર્મ હાસ્ય અને હાસ્ય - એ હાસ્યરસના સાધનો છે.એમ આપણે માનીએ છીએ.કેટલાક લોકો વિકૃત ચેષ્ટા,વિકૃત વેશ કે વિકૃતવાણી સાંભળીને દાંત દેખાય એ રીતે હસતા હોય છે.સામેનાન ઉડાવતા હોય છે.તેને ઠઠ્ઠા મશ્કરી કહેવાય છે.કેટલાક લોકોની હાસ્યવૃત્તિ અદ્દભુત હોય છે. હસવાનું અને આનંદ લેવાનો, પણ હસતાં હસતાં બંધ થઇએ ત્યારે સમજાય કે હાસ્યની પાછળ કેવી કરુણતા છુપાયેલી છે ?કોઇએ ખાસ કહ્યું છે : હસો,ખુબ હસો, પણ હસવાસમ ના બનાવો જીંદગી.બીજા લોકો આપણને હસી કાઢે,એવી જીંદગી બનાવવી જોઇએ નહી. આપણે મશ્કરીને પાત્ર થવું, આપણી કોઇ હાંસી ઉડાવે એવું કોઇ કાર્ય ક્યારેય ન કરવું. આપણે જાણીએ છીએ કે હાસ્ય એક ઉત્તમ ઔષધ છે.જે માણસ ખુલ્લા મનથી, મનમાં કશું પણ રાખ્યા વિના ખડખડાટ હસી શકે છે, એણે ડોકટરને ત્યાં જવું પડતું નથી.જુદા જુદા લોકો જુદી જુદી રીતે હસતા હોય છે.કેટલાક માત્ર હોઠથી, તો કેટલાક હૃદયથી હસતા હોય છે.જે માત્ર ઔપચારિકતા ખાતર,લુખ્ખેલુખ્ખુ હસતો હોય, એનો ભરોસો ક્યારેય ના કરી શકાય.કેટલાક લોકો હૃદયની ગહનતામાંથી હસતા હોય છે.આજે તો હાસ્ય પણ માર્કેટ જેવું બની ગયું છે.કોઇ પાત્ર ભજવતા હોઇએ, હસવું પડે તો હસીએ, પણ એક નાટકરુપે,એવા હાસ્યમાં આત્મીયતાન અણસાર પણ ન હોય.હાસ્ય તો પ્રથમ વરસાદ પછી ધરતી ચીરીને બહાર આવતી લીલાશ જેવું હોવું જોઇએ.

હાસ્ય -ન.(સં)હસવું તે. આટલો અર્થ થાય છે. હંમેશા હસતા રહેવું એ તંદુરસ્તીની નિશાની છે. આપણે કહીએ છીએ કે હસે તેનું ઘર વસે, આપણે જાણીએ છીએ કે હાસ્ય એ ફુલ જેવું હોય છે. જેમાં ભારોભાર નિર્દોષતાનો અહેસાસ થાય છે.પણ કોઇ સુગંધ વિનાનું ફુલ પસંદ કરતું નથી.લુખ્ખુ હાસ્ય કોઇને ગમતું નથી.હાસ્ય પણ ભીતર ભેદીને આવવું જોઇએ. હાસ્યમાં પણ સુગંધ હોવી જોઇએ. હાસ્યને બળજબરીથી લાવી શકાતું નથી. દિગ્દર્શક અભિનેતાને સુચના આપે, હસે હસો, તો અભિનેતા હસે, હાસ્યમાં ઔપચારિકતા આવે ત્યારે તે નાટક બની જાય છે.કોઇની સાથે હસ્તધુનન કરવાનું,ખાલી ખાલી હાથ જોડીને નમસ્તે નમસ્તે બોલતા જવાનું અન ચહેરા પર હાસ્ય લાવવાની બનાવટ કરવાની ! એન હાસ્ય ન કહેવાય.જે હાસ્યરસિક છે એનુ વ્યક્તિત્વ પણ ઉભરી આવે છે.એનો આગવો પ્રભાવ પડતો હોય છે.એ સૌનો પ્રિય હોય છે.એક સરસ ઉક્તિ છે.હાસ્ય એવી ભાષા છે, જેને બાળક પણ સમજી શકે છે.માણસના હૃદયમાંથી સ્ફુરેલું એક સ્મિત કોઇના જીવનની અધુરપને દુર કરી શકે છે.હાસ્ય એ માણસને જીવવા માટેનો એક આધાર છે.હાસ્યથી દીર્ઘાયું બની શકાય છે.મનમાં કોઇ પણ તાણ રહેતી નથી.તન-મન સ્ફુર્તિમાં રહે છે.આનંદથી જીવો-લાંબુ જીવો. ગાંધીજીએ પણ કહ્યુ છે : જો મારામાં વિનોદનો ગુણ ન હોત તો મે ક્યારની આત્મહત્યા કરી લીધી હોત. હાસ્યથી બધો જ ભાર હળવો બની જાય છે. જગતનો ખ્યાતનામ હાસ્ય અભિનેતા ચાર્લી ચેપ્લીને કહ્યું છે કે હાસ્ય વગરનું જગત વિનાશને પાત્ર છે.જેનામાં હસવાની ક્ષમતા નથી, અથવા પોતાના ધંધા-રોજગારમાં એટલો બધો રચ્યોપચ્યો રહે છે કે એના હાસ્યે એની પાસેથી દેશવટો લીધેલો હોય છે એવા લોકો જીવતે મુઆ બરાબર છે.

મહર્ષિ અરવિંદે રહ્યું છે : હાસ્ય એ જીવનનો રસ છે.માત્ર એ સાહિત્યના નવ રસમાંનો એક નહી,પણ માણસના જીવાતા જીવનનો પણ એક રસ છે. સતત ટેન્શનમાં રહેતો માણસ ખુલ્લા દિલથી જો હસી શકે નહી તો તે વેળાસર ગુજરી જાય છે. અબ્રાહમ લિંકને પણ કહ્યું છે કે રાત દિવસ એટલો ભયંકર તનાવ માર પર રહે છે કે જો હું હસું નહી તો મરી જાઉ.આજનો યુગ તો ભયંકર ટેન્શનવાળો છે. ક્ષણે ક્ષણે જાગૃત રહેવું પડે છે.વધારે પડતી સાવધાનીના કારણે માણસ મુક્તિથી જીવી શકતો નથી.એમાંય, જો એનું હાસ્ય વિલાઇ જાય તો કેવા પરિણામ આવે ?ઘણા થોડા લોકોના ચહેરા ઉપર નિર્દોષ હાસ્ય હોય છે.નિર્દોષ હાસ્ય એટલે શું ? રામચરણ મહેન્દ્ર તેમના આનંદમય જીવનમાં કહ્યું છે કે દુધ પીતા શિશુ જેવું નિર્દોષ હાસ્ય રેલાવે છે એવું હાસ્ય મસ્તીથી, દુઃખોને દુર કરવાની અસલી દવા છે.જેના હૃદયમાં કોઇપણ પ્રકારનું કપટ ના હોય,કોઇના પ્રત્યે સહેજ પણ દ્વેષભાવ ન હોય એવા હાસ્યની વાત છે. કેટલાક લોકો બીજાની પાસેથી બદલો લઇને ખંધુ હસતા હોય છે.એવા હાસ્યમાં નિર્દોષતા કેવી ?હાસ્ય કેવું હોય? વિલિયમ રોસ્ટરે કહ્યું છે : જેમ નદીમાં આવેલા પુરને રોકી શકતા નથી,કારણકે બંને પ્રાકૃતિક પરિસ્થિતિ છે.જે બનાવટી હાસ્ય હોય એ કુદરતી હોઇ જ શકે.કુદરતી હાસ્ય તો ઝરણાની જેમ અંદરથી ફુટતું હોય છે. માણસ કેવા પ્રકારનું હસે છે. એના પરથી એની પ્રકૃતિનો ખ્યાલ આવતો હોય છે.કોઇપણ મનુષ્યના હાસ્ય પરથી ઘણીવાર તેના ગુણ-અવગુણ અને પ્રકૃતિ પારખી શકાય છે.અમુક વ્યક્તિ હસીને પોતાના ચારિત્ર્યદર્શન પણ કરાવી શકે છે.અવલોકનશક્તિ તથા સામુદ્રીક જ્ઞાનથી હાસ્યમાં છુપાયેલા ગુણદોષ જાણી શકાય છે.સમજદાર વ્યક્તિ તમારા હસવાની ઢબ પરથી તમને પારખી શકે છે.તમે માત્ર હસવા ખાતર હસો છો ,સામેની વ્યક્તિને સારુ લગાડવા હસો છો, અથવા સાચા દિલથી હસો છો,એની ચાડી તમારો ચહેરો ખાતો હોય છે.હાસ્યના ઘણા પ્રકાર હોય છે.કોઇ મરક મરક હસે છે.તો કોઇ મુખ મલકાવી મંદ હાસ્ય કરે છે. અમુક દિલ ખોલીને મધુર હાસ્ય કરે છે.તો કેટલાક ખડખડાટ હસી પડે છે.આ દરેક હાસ્ય પાછળ કાંઇ ને કાંઇ રહસ્ય અથવા મનની ઇચ્છાઓનો ભાવાર્થ છુપાયેલો હોય છે.તમારા મનમાં કેવો ભાવ પડેલો છે એ તમારા હાસ્ય પરથી પરખાય છે.

સંત તિરવલ્લુવરે કહ્યું છે :મનુષ્યને આપત્તિનો સામનો કરવામાં સ્મિતથી વધારે કોઇપણ ચીજ સહાયભુત થતી નથી.આપઘાત કરવા જતા માણસને કોઇ નાનકડું સ્મિત આપે તો એના વિચારોમાં બદલાવ આવી શકે છે.માણસનુ સ્મિત તો દુઃખી આત્માનો આશરો છે.બળબળતા બપોરમાં લિમડાનો મીઠો છાંયડો છે. સ્મિત તો, સ્મિત તો આમ્રકુંજમાં ટહુકતી કોયલ છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી,
(સૌ.સંદેશ)

# ગેરકાયદેસરના બાંધકામોના નામે ખંડણી વસુલનારાઓને નહી છોડાય : ગૃહમંત્રી જાડેજા

અમદાવાદ શહેર સહિતના મહાનગરોમાં એકબાજુ ગેરકાયદેસર બાંધકામોનો રાફડો ફાટ્યો છે તો બીજી તરફ આવા ગેરકાયદે બાંધકામોના નામે ખંડણી ઉઘરાવનાર અસામાજિક તત્વોનો ત્રાસ પણ વધ્યો છે.આવી પરિસ્થિતિમાં આવા તત્વોને નાથવા અને સબક શિખવવા માટે તેમની સામે તાત્કાલિક કડકમાં કડક પગલાં ભરવા ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ પોલીસ અધિકારીઓને સુચના આપી છે.

ગૃહરાજયમંત્રીએ સરકાર દ્વારા સુજલામ સુફલામ જળ સંચય અભિયાન હાથ ધરવાનું હોવાથી તેના ભાગરુપે અમદાવાદ શહેરના ઉત્તર ઝોનના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.ત્યારે આ બાબત તેમના ધ્યાને આવતાં અમદાવાદ શહેરના ગેરકાયદેસરના બાંધકામોના નામે રીતસરની મંડળીઓ બનાવી ખંડણી(તોડ) ઉઘરાવતા તત્વોની પ્રવૃત્તિને સખ્ત હાથે ડામી દેવાનો પોલીસ અધિકારીઓને સુચના આપી હતી.

ગેરકાયદેસરના બાંધકામોની માહીતી મેળવવાના નામે કેટલાક અસમાજિક તત્વોએ આરટીઆઇને આવકનું સાધન બનાવી દીધું છે.અમદાવાદ શહેરમાં તો રીતસરની આવી ટોળકીઓ ગેરકાયદેસરના બાંધકામને તોડી નાંખવા માટે અરજી કરવાની ધમકી સાથે જે તે મકાન મિલ્કતના માલિકો પાસેથી હજારો લાકો રુપીયાના તોડ કરી રહી છે. જેમાં સત્તાધારી પક્ષ સાથે સંકળાયેલા લોકોની ભરમાર છે.શહેરના કેટલાક વિસ્તારોમાં તો ઘરની આગળ ઇંટો કે રેતી દેખાય કે આવી ટોળકીઓ તોડપાણી કરવા પહોંચી જાય છે.આવા તત્વોની સાંઠગાઠ સત્તાધારી પક્ષ અને પોલીસ સાથે હોવાથી તેમનું સામાન્ય લોકો કંઇ બગાડી શકતા નથી.કેટલાક ભુતપુર્વ નેતાઓ જેઓ ચુંટણી આજ કારણે હાર્યા તેમણે બાંધકામો પર ખંડણી ઉઘરાવવાનો અને તોડ કરવાનો મોટો ધંધો વિકસાવ્યો હતો જેથી લોકોએ તેમને ચુંટણીમાં હરાવ્યા.કેટલાક નકલી પત્રકારોએ પણ આ ધંધામાં ઝુકાવ્યુ હતું પરંતુ તેઓનો ધંધો રાજકારણીઓ જેટલો ચાલ્યો નહીં.પુર્વ વિસ્તારમાં જ્યાં નોનગુજરાતી લોકો વસે છે ત્યાં નાના મોટા તોડપાણી તેઓએ કર્યા પરંતુ હવે પ્રજા ચેતી જવાથી રાજકારણી નેતાઓ, પોલીસ સાથે ઘરોબો ધરાવનારા ,અને નકલી પત્રકારો સાંઠગાંઠ કરીને ધંધો ચલાવ્યો છે.સરકારે આવા તત્વોને તાત્કાલિક જેર કરવા જરુરી છે.

વિનંતી



તમારી પ્રાર્થનામાં
અમારી સેવાઓને
ખાસ યાદ રાખશો.

# વિજય માલ્યાએ કર્ણાટક ચુંટણીમાં મત આપવાનો હક માંગ્યો

બિઝનેસમેન વિજય માલ્યા જે હાલમાં પ્રત્યાર્પણના કેસમાં લંડનની વેસ્ટમીનિસ્ટર કોર્ટમાં ભારત દેશના આરોપી તરીકે ઉભા છે.તેમણે કહ્યુ હતું કે તે કર્ણાટકનું પ્રતિનિધિત્વ કરે છે અને તે આગામી વિધાનસભાની ચુંટણીમાં મત આપવા માંગે છે.તેમણે કહ્યુ કે આગામી ૧૨મા મે ચુંટણી યોજાશે જેમાં તે મત આપવા માંગે છે.તેમણે કહ્યુ કે મત આપવો એ તેનો અધિકાર છે.માલ્યા કર્ણાટક રાજ્યમાંથી રાજ્યસભાના સાંસદ બન્યા હતા.તેમણે કહ્યુ મત આપવો છે પરંતુ જામીન માટેની જે શરતો છે તેમાં મતદાનની મંજુરી નથી.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૮,૨૫૩૮૩૩૨૨

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃએ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.